# ઓન્ટારિયોમાં મતદાન

## પ્રાંતીય અને મ્યુનિસિપલ ચૂંટણીઓમાં મતદાન કરવા માટેની તમારી માર્ગદર્શિકા.

Elections Ontario

# ઓન્ટારિયોમાં મતદાન

## ઓન્ટારિયોના ભવિષ્યને ઘડવામાં સક્રિય ભૂમિકા ભજવો.

### પ્રાંતીય ચૂંટણી કેવી રીતે કાર્ય કરે છે?

- પ્રાંતીય ચૂંટણી ત્યારે શરૂ થાય છે જ્યારે ઓન્ટારિયોના પ્રીમિયર ચૂંટણીનું આયોજન કરવાનું નક્કી કરે છે.
- લેફ્ટનન્ટ ગવર્નર ચૂંટણીના રિટ(ટો) પર હસ્તાક્ષર કરે છે, જે સત્તાવાર રીતે ચૂંટણીની શરૂઆત દર્શાવે છે.
- ઓન્ટારિયોને 124 ચૂંટણી જિલ્લાઓમાં વહેંચવામાં આવ્યું છે. દરેક ચૂંટણીના જિલ્લામાં ઉમેદવારો મતપત્ર પર હાજર રહેવા અને પ્રચાર શરૂ કરવા માટે નોંધણી કરાવે છે.
- ત્યારબાદ મતદારો તેમના ચૂંટણી જિલ્લામાં તેમની પસંદગીના સ્થાનિક ઉમેદવારને મત આપે છે. સૌથી વધુ મત ધરાવતા ઉમેદવાર તેમના ચૂંટણી જિલ્લા માટે પ્રાંતીય સંસદના સભ્ય (MPP) બને છે.
- જે રાજકીય પક્ષમાં સૌથી વધુ ચૂંટાયેલા MPP હોય તે સામાન્ય રીતે નવી પ્રાંતીય સરકારની રચના કરે છે.
- પ્રાંતનું સંચાલન કરતા કાયદા પસાર કરવા માટે MPP ઓન્ટારિયોની વિધાનસભામાં મળે છે.

### પ્રાંતીય ચૂંટણીમાં કોણ મત આપી શકે?

પ્રાંતીય ચૂંટણીમાં મત આપવા માટે પાત્ર બનવા, જરૂરી છે કે:

- 18+ ચૂંટણીના દિવસે તમારી વય ઓછામાં ઓછી 18 વર્ષની હોય;
- તમે કેનેડાના નાગરિક હો; અને
- તમે ઓન્ટારિયોના રહેવાસી હો.

### મત આપવા માટે તમારી નોંધણી થઈ છે?

**હા** – જ્યારે પ્રાંતીય ચૂંટણીનું આયોજન કરવામાં આવશે, ત્યારે તમને મેઇલમાં મતદાર માહિતી કાર્ડ મળશે, જેમાં તમને ક્યારે અને ક્યાં મત આપવો તે જણાવવામાં આવશે.

**ના** – તમે તમારી મતદાર માહિતીને અપડેટ કરી શકો અથવા ઉમેરી શકો:

- **RegisterToVoteON.ca** પર ઓનલાઇન;
- તમારી સ્થાનિક ચૂંટણી ઓફિસમાં રૂબરૂમાં; અથવા
- જ્યારે તમે મત આપવા જાઓ ત્યારે રૂબરૂમાં.

તમારું નામ અને ઓન્ટેરિયોમાં તમારું ઘરનું સરનામું દર્શાવવામાં આવ્યું હોય તેવા એક IDની તમને જરૂર પડશે. **RegisterToVoteON.ca/IDtoregister** પર સ્વીકૃત IDના ઉદાહરણો શોધો.

### તમે કઈ રીતે મત આપી શકો છો?

તમે નીચે મુજબ મત આપી શકો છો:

- ટપાલ દ્વારા
- તમારી સ્થાનિક ચૂંટણી ઓફિસમાં રૂબરૂમાં
- એડવાન્સ પોલ પર રૂબરૂમાં
- ચૂંટણીના દિવસે રૂબરૂમાં
- તમારી સ્થાનિક ચૂંટણી ઓફિસમાં સહાયક મતદાન ટેકનોલોજી વડે

### રૂબરૂમાં કેવી રીતે મત આપવો

- એડવાન્સ પોલ, તમારી સ્થાનિક ચૂંટણી ઓફિસ અથવા ચૂંટણીના દિવસે તમને ફાળવાયેલા મતદાન સ્થળની મુલાકાત લો.
- તમારું મતપત્ર મેળવવા માટે મતદાન અધિકારીને તમારું ID બતાવો.
- મતદાન સ્ક્રીનની પાછળ જાઓ અને મતપત્ર પર તમારો X ચિહ્નિત કરો, ફક્ત એક જ ઉમેદવારની પસંદગી કરો.
- તમારા ચિહ્નિત મતપત્રને મતદાન અધિકારીને પરત કરો જેથી તે મતદાન બોક્સ અથવા ટેબ્યુલેટરમાં દાખલ થઈ શકે.
- અભિનંદન! તમે સફળતાપૂર્વક મતદાન કર્યું છે!

### મ્યુનિસિપલ ચૂંટણીઓમાં મતદાન

ઓન્ટારિયોમાં મ્યુનિસિપલ ચૂંટણીઓમાં મ્યુનિસિપલ કાઉન્સિલના સભ્યો, જિલ્લા સામાજિક સેવાઓના વહીવટી બોર્ડ (DSSAB)ના સભ્યો અને સ્કૂલ બોર્ડના ટ્રસ્ટીઓની ચૂંટણીઓનો સમાવેશ થાય છે.

ઇલેક્શન્સ ઓન્ટારિયો મતદારોની યાદી જાળવે છે, જેના થકી તમે ઓન્ટારિયોમાં પ્રાંતીય અને મ્યુનિસિપલ બંને ચૂંટણીઓ માટે મતદારોની યાદીમાં સ્થાન મેળવી શકો છો. તમારી માહિતી તપાસવા, અપડેટ કરવા અથવા ઉમેરવા માટે **RegisterToVoteON.ca** ની મુલાકાત લો.

Register to Vote

### જો મારી ઉંમર 18 વર્ષથી ઓછી હોય તો શું?

- જો તમારી ઉંમર 16 કે 17 વર્ષ હોય, કેનેડિયન નાગરિક હો અને ઓન્ટારિયોના રહેવાસી હો, તો તમે **ભવિષ્યના મતદારોના ઓન્ટારિયો રજિસ્ટર**માં તમારી જાતને ઉમેરી શકો છો.
- એકવાર તમારી ઉંમર 18 થઈ જાય, પછી તમે આપમેળે મતદાર યાદીમાં ઉમેરાઇ જશો.

**મતદાન માટે સજ્જ થવા આજે જ મતદાર યાદીમાં નામ નોંધાવો.** **elections.on.ca**

**વધુ માહિતી માટે elections.on.ca ની મુલાકાત લો.**

**elections.on.ca**
info@elections.on.ca
1.888.668.8683 | **TTY** 1.888.292.2312

@electionsON | @electionsONfr

Elections Ontario